ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

લો ! પી ગયો આખી નદી પણ આંખમાં રણ વિસ્તરે,
કંઠે તૃષા બાઝી પડી પણ આંખમાં રણ વિસ્તરે..!
ચાલ્યા ચરણ તો હાંફશે, એ છે ગનીમત માનવું;
કે લેરખી આવી ચઢી પણ આંખમાં રણ વિસ્તરે!

- જગદીશ ધનેશ્વર

### પાથેય

- રમેશ ઠક્કર

## પાથેય...

આંખમાં વિસ્તાર પામતું વતન રણની યાદ છે.. રેત રેત રેત..બનાસનું હેત...નદી એટલે ખળખળ વહેતું જળ..ભીનો પટ... લીલાછમ કિનારા... પણ બનાસની વાત અલગ છે..શ્વેત રેતનો અફાટ વૈભવ એટલે અમારી લોકમાતા બનાસ..એક જમાનામાં એના વહેતા પ્રવાહમાં જાતજાતની માછલીઓ સરકતી અમે જોઇ રહેતા. કિનારા ઉપર ઘસડાઇને આવતી રાહ ભુલેલી માછલીઓને અમે ફરીથી પાણીમાં મૂકતા..ઘડીકવારમાં જ એ સળવળીને ગાયબ થઈ જતી..રેતાળ બનાસમાં જયારે પણ પગ માંડીએ કેટલીય યાદો જીવંત થઈ જાય છે...!

અમારા એ નાનકડા ગામના ત્રણ કાંઠે બનાસ વીંટળાયેલી રહેતી..ગામની હદ પછી સરસ ભાઠાની જમીનનો ફળદ્રુપ પટ્ટો રેશમી સાડીની ફરતી કલાત્મક બોર્ડર જેવો દીપી ઉઠતો..એમાં કોઠીંબડાં અને જાતજાતની શાકભાજી લ્હેરાઇ ઉઠતી..એ પછી ભીના પટની એક સળંગ કિનારી આવતી. એમાં ભીના પગલે ચાલવાની મજા અમારા જેવા ગ્રામ્ય કિશોરો માટેનો અનામત કુદરતી વૈભવ હતો..એનાથી પરિતૃપ્ત થયા પછી બનાસનાં નિર્મળ નીર અમને સ્પર્શતાં..એક ઝણઝણાટી ઝંકૃત કરી જતી..નીચે મુલાયમ રેત અમારાં ચરણ પખાળતી..અમારા બાળપણનો એ ખજાનો હતો.

એ ભીની રેત આજે આટલી શુષ્ક બની મારાં પાકટ ચરણોને ઘણા વરસો પછી સ્પર્શી રહી હતી..કયાં ગઈ હશે એ નદી..?મારામાં રહેલો કિશોર પણ એ જ રસ્તે ગાયબ થયો હશે ને? વિતેલા દશકોની સાથે ઘણું વહી ગયું એના વહેણમાંથી..દૂર દેખાય છે નકળંગ મહારાજના મંદિરની ધજા..નદીનો રેતાળ પટ હવે લગભગ ગામમાં પહોંચી ગયો છે..અજગરની માફક..સદાય વહેતી એક કેનાલ એ પણ એના અસબાબનો મોંઘો ઉપહાર હતો..એ 'બનિયું' પણ ગાયબ છે..એની જગ્યાએ એક સડક ઉભરી આવી છે..જે સડકના સહારે આ પટમાં હું આવી ચડ્યો હતો.. એક ભીના પ્રવાહની તલાશમાં...

હું હવે રણના એ વારસ જેવી નદીમાં પગ માંડું છું. કાંટાળી ઝાડી એના કિનારાઓ ઉપર આડેધડ ઉગી આવી છે..દૂર સુધી ઝીણી મખમલી રેતની ચાદર પ્રલંબ બનીને પથરાઈ ગઈ છે..મારાં ચરણને ચાલવાનો એક નવો અનુભવ થઈ રહયો હતો જાણે! આ નદી છે કે રણ ? મારા બંને હાથથી એ રેતને સ્પર્શવાની સાથે જ એક પરિચિતતા મારા અસ્તિત્વને ઘેરાઇ ગઈ..આ ધુળ જેની મારા રૂધિરાભિષરણને જાણે તલાશ હતી..મને ચોતરફ બધું પોતીકું લાગી રહ્યું હતું..ખોવાયેલું સ્વપ્ન જાણે સજીવન થયું લાગ્યું..મનભરીને આ નજારો માણતાં મને થયું ભરી લઉં આંખમાં એની સુગંધનો દરિયો. ફરી આ રેતનો વૈભવ મળે ના મળે..!'

ખુલ્લી બનાસના ખુલ્લા પટમાં ચમકતા તડકામાં કરેલી આ સહેલગાહ એ કોઈ યાત્રાથી કમ ન હતી. ગામમાં હવે જવા જેવું લાગ્યું નહીં..કેટલાક યુવા આગંતુક મને નિહાળતા અલપઝલપ પસાર થયા. એ તો લગભગ ત્રીજી પેઢી હશે..! અપરિચિતતા મને અકળાવે એ પહેલાં મારી સ્મૃતિઓની સુકાયેલી ભારીને હું ઝડપથી બાંધી લઉં

અનુસંધાન પાના નં. ૭ પર

# વિશ્વના નકશામાં વડનગરનો ડંકો

**તંત્રીસ્થાનેથી...**

વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે ત્યારે સરકારને વડનગર સાંભળ્યું છે. વડનગરની કુંડળીમાં સોલંકીકાળ અને અકબરના જમાના પછી ઘણાં વર્ષો બાદ રાજયોગ ફૂલ્યો ફાલ્યો છે. છેક હમણાં સુધી વડનગર મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાનું એક મોટું ગામ માત્ર હતું. વિકાસના નામે ફક્ત ગામના બે છેડે બે હાઈસ્કૂલો હતી - શર્મિષ્ઠા તળાવ પાસે નવીન સર્વ વિદ્યાલય અને રેલવે સ્ટેશન પાસે બી.એન. હાઈસ્કૂલ. આ બી.એન. હાઈસ્કૂલના એક 'એવરેજ' વિદ્યાર્થીઓ કાળક્રમે એવું તો કાઠું કાઢ્યું છે કે વડનગર આજે વિશ્વના નકશામાં આવી ગયું છે. નરેન્દ્ર મોદી અવશ્ય એક હોનહાર કિશોર હતા અને શાળાના આચાર્ય રાસબિહારી મણિયારના પ્રીતિપાત્ર હતા. એમને તે વખતે વિદ્યાર્થી નરેન્દ્રની જન્મકુંડળી બનાવીને એના અત્યંત ઊજળા રાજકીય ભવિષ્યની ભવ્ય આગાહી કરી હતી. પરંતુ કિશોર નરેન્દ્ર તો સંસાર રસ છોડી સાધુ થઈ જવા ઘર છોડીને નીકળી ગયેલો. નિયતિએ એનો મેળાપ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રખર પ્રચારક-અગ્રણી 'વકીલ સાહેબ' સાથે કરાવ્યો અને એમને એક દિશા સાંપડી. પ્રચારક તરીકે જ નહીં, વિચારક તરીકે પણ એ વિકસતા રહ્યા. એમના આ સહજ વિકાસની ફલશ્રુતિ રુપે સંઘ તરફથી પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સંગઠન મંત્રી તરીકે એમનું નામ સૂચવાયું. ગુજરાતમાં પા-પા પગલી ભરતી પાર્ટીને સમ ખાવા પૂરતા બે ધુરંધર આગેવાનો સાંપડ્યા હતા : કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા. મૂળે મોગર ઠાકોર નટવરસિંહ સોલંકી અને ચરોતરના ચાણક્ય ભાઈકાકાએ ભેગા મળી બનાવેલ સ્વતંત્ર પક્ષની જ ફોર્મ્યુલા મુજબ પાટીદારનો 'પ' અને ક્ષત્રિયનો 'ક્ષ' જોડીને આ જુગલજોષી ગુજરાતમાં જનસંઘ સ્વરુપે નિષ્ફળ રહેલી હિંદુત્વવાદી પાર્ટીને ભારતીય જનતા પાર્ટી સ્વરુપે નવ પલ્લવિત કરી રહી હતી. નરેન્દ્ર મોદી વાણીનું વરદાન ધરાવતા યુવાન પ્રચારક હતા. એમના પ્રવેશથી પાર્ટીને વાચા સાંપડી. એ પછીનો ઈતિહાસ જાણીતો છે. ઉત્તર ગુજરાત ગુજરાતના રાજકીય નકશામાં હાંસિયે ધકેલાયેલું રહેતું હતું. અન્યત્ર હારવાનું જોખમ જોઈ પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલે પાટીદારોના ગઢ સમી ઊંઝા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડીને ગુજરાતમાં ભલે ઉછીનો તો ઉછીનો - પણ ઉત્તર ગુજરાતે ચૂંટી મોકલાવેલ મુખ્યમંત્રી છે એવો સધિયારો બંધાવ્યો હતો. એ પહેલાં વડનગરના સેવાભાવી આંખના ડૉક્ટરો દ્વારકાદાસ જોષી અને વસંત પરીખના નામે આ ધૂળિયું ગામ ઓળખાતું હતું. વસંત પરીખ એકવાર અપક્ષ ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયા હતા અને આદર્શ ધારાસભ્ય કેવો હોય એના રોલ મોડેલ બની રહ્યા હતા. પરંતુ વડનગરને ખરી ઓળખ તો એના પનોત્રા પુત્ર નરેન્દ્ર મોદીએ જ અપાવી. વર્ષો સુધી ગામમાં પગ નહીં મૂકનાર મોદી બારોબાર ગુજરાતના નાથ બનીને ગાંધીનગર આવ્યા કે તરત વડનગરનો પણ કાયાકલ્પ શરૂ થઈ ગયો. આજે મોદી વડાપ્રધાન છે અને ગાંધીનગરમાં વડનગર મહોત્સવ ઊજવાઈ રહ્યો છે. વડનગરની વિસરાયેલી અસ્મિતા આળસ મરડીને જાગી ઊઠી છે. અગાઉ વડનગર નાગરોના કુળદેવતા હાટકેશ્વર મહાદેવના ભવ્ય શિવાલય અને નરસિંહ મહેતાની ચૉરી તથા વડનગરના ઐતિહાસિક તોરણ જેવા અવશેષોથી ઓળખાતું હતું. અત્યારે એના પેટાળમાંથી આખેઆખું જૂનું નગર નીકળ્યું છે. બૌદ્ધકાલીન વડનગર એ ભારતના ઈતિહાસની ધરોહર છે. ચીની મુસાફર હ્યુ-એન-સાંગ વડનગર આવ્યો હતો અને રહ્યો હતો. વડનગર કયારેક દ્વારશકોશી નગર હતું. એ આનર્તપુર, આનંદપુર અને વૃદ્ધનગર જેવી ઓળખ ધરાવતું હતું અને કલાસંસ્કૃતિના કેન્દ્ર તરીકેની પ્રતિષ્ઠા ધરાવતું હતું. વડનગરના નવા અવતારને વંદન કરીએ !

# શીખવવા માટે મારી આંગળી ઝાલી, મારા શિક્ષક મને છેક જિંદગી સુધી મૂકી ગયા !

'હું શિક્ષક છું,
સંસ્કાર તણો સંરક્ષક છું,
હું નહિ, કસોટી ભટ્ઠી છું,
પ્રજ્ઞાવિકાસનું ઔષધ...? 'ના'!
જડીબુટ્ટી છું, હું શિક્ષક છું.'

●●●

આ પંક્તિઓને આત્મસાત કરી જીવી રહેલા અને જીવી ગયેલા આપણા ગુરુજીઓને વંદન કરવાનું મન થાય તે તે સ્વાભાવિક છે.

કોરોનાકાળ ખપ્પરમાં અસંખ્ય 'માણસો' મૃત્યુની ગોદમાં વિરમી ગયા પણ 'માનવ' મર્યો નથી, બસ એ જ રીતે નિષ્ઠા હજી સજીવન છે અને એ એના કર્તવ્યપથમાં સાબૂત છે. આમ તો દરેક માનવમાં એની જીવન નિષ્ઠા હોય છે જ.

આપણી આસપાસ જયારે જયારે સમસ્યાઓ, મૂંઝવણો સર્જાય ત્યારે અને જયારે જયારે ઉકેલ જડતા જાય ત્યારે માનવું કે કયાંક નિષ્ઠા ધબકી રહી છે. આમ તો લોકો બળાપો કાઢતા હોય છે કે કેળવણીના ક્ષેત્રમાં દિન પ્રતિદિન નિષ્ઠાનો ગ્રાફ નીચે ઉતરતો જાય છે. કંઈક અંશે હશે પણ ખરું.... સમય - સંજોગોનું પરિવર્તન કે વેહવંતા વિજ્ઞાનને લીધે નિષ્ઠાનું પોત પોતાળું પડ્યું હોય એમ પણ બને!

આવા વિષય અજંપાગ્રસ્ત ભાવાવરણમાં કેટલાક સુખદ અનુભવો હૈયાને ટાઢક આપી જાય છે.

આપણા ગૌરવશાળી તત્કાલિન મુખ્યપ્રધાન મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્મયોગી તાલીમનો નવો નવતર શિરસ્તો ઊભો કર્યો એના પરિપાક રુપ ગુજરાતભરના શિક્ષકો એકબીજાની નજીક આવ્યા. પ્રતિભાવનંત શિક્ષકોની જ્ઞાનપ્રસાદી વ્યાપક થઈ. રાજયના શિક્ષકો નવજન્મ પામ્યા, દ્વિજત્વ લાધ્યું...! RMSA - કર્મયોગી તાલીમ, GCERT, STTI, SSA - આ બધાં આપણા શિક્ષણનાં ઉર્જાકેન્દ્રો !!

શિક્ષણ સજ્જતા કે અન્ય આનુષંગિક કાર્યશિબિરોમાં સહભાગી થવાની ઉમદા તક સાંપડી.... રાજયભરના અનેક શિક્ષકો અવારનવાર મળતા રહે... એમાં એક નોંખા - ન્યારા પ્રાણવાન શિક્ષકનો ભેટો થયો...

રત્નમણિ સમા સર્વપ્રિય શિક્ષક એટલે શ્રી વિપુલભાઈ ડી. પટેલ. ખેડા જિલ્લાના નેનપુર ખાતે આવેલી પ્રમુખ સ્વામી વિનય મંદિરના કર્મે અને ધર્મે ઉત્તમ શિક્ષક. ગુજરાતભરમાં ખૂણે-ખાંચરે રહેલા દરેક વિષયના લગભગ હજારેક શિક્ષકો સાથેનો જીવંત નાતો!! એમની શૈક્ષણિક કારકિર્દી પણ ઉજળી....એમ.એ. માં 'ગોલ્ડમેડલ' ને હાલ ડૉક્ટરેટની પદવી માટેનો અભ્યાસ પણ ચાલું છે. સામાજિક વિજ્ઞાન વિષયના રાજય તજજ્ઞ તરીકે ગુજરાત અને ગુજરાત બહાર દીવ-દમણ - ગોવાને દાદરાનગર હવેલી સુધી પ્રભાવી કામગીરીથી પ્રખ્યાત થયા. વિદ્યાર્થી આલમ અને ગ્રામજનોમાં વ્યસનમુક્તિનો ધ્યેય મંત્ર, વન-પર્યાવરણ, સ્વચ્છતા અભિયાનને પરિણામલક્ષી બનાવી સમાજની સરાહના પ્રાપ્ત કરી. વિદ્યાર્થીઓના Friend, Philosopher અને Guide બની કારકિર્દી માર્ગદર્શન દ્વારા અનેકને પગભર કર્યા. કોરોનાને કારણે નંદવાયેલા શિક્ષક પરિવારોને આત્મીય આર્થિક મદદમાં પણ અગ્રેસર રહ્યા. શાળા, વિદ્યાર્થી, પરિચિતોને જયાં અને જયારે મદદની જરૂર પડે ત્યારે મદદગારીમાં સદાય તત્પર.... વિપુલભાઈ એ શિક્ષકના 'શ્રેષ્ઠત્વ' ને શોભાવ્યું છે. વર્ગખંડની ચાર દિવાલોની બહાર પણ વિસ્તર્યા છે. સમાજ ચિંતન વિચારમાળા દ્વારા પાટીદાર સમાજના એક અદના સમાજસેવી પણ છે. વેપાર, ઉદ્યોગ, રાજકારણ, વહીવટ, શિક્ષણ અને પરીક્ષણ, ધર્મ, કલા, સાહિત્ય.... આ વિવિધ ક્ષેત્રોનાં રોચક અનુભવોનું 'સામાજિક - શૈક્ષણિક ચિંતન' દર સપ્તાહે જનસમુદાયને વહેંચતા રહે છે. એમના પોતીકા અનુભવો વાસ્તવિક અને વિચારપ્રદ હોય છે.




કવિવર ટાગોરની વાતો વિપુલભાઈએ જાણી પચાવી છે, સમૃદ્ધ બનવા મથે છે, જ્ઞાન, નિષ્ઠા અને અર્પણભાવના એમના અંતરંગ વ્યક્તિત્વની દ્યોતક છે. 'એક શિક્ષક તરીકે' 'શ્રદ્ધા' ને પુનઃ પ્રગટાવીને પ્રજ્જવલિત કરીએ, નૈતિક સંદેશાના વાહક તરીકે પોતાનો રોલ - ધર્મ સુદૃઢ કરીએ, ભલે સમાજમાં મૂલ્ય હ્રાસ થતો રહ્યો હોત પણ તેનો ઉગારો કરીએ, સડેલાને ધરબી દઈએ.' આવા પરાક્રમી સૂરભાવથી વિપુલભાઈ નૈતિક મૂલ્યોના રખેવાળ બનવા મથી રહ્યા છે. એમને જોયેલા, જાણેલા, અનુભવેલા વ્યક્તિ ચરિત્રો કે સંસ્થાઓને બિરદાવવામાં કદી છોછ અનુભવતા નથી. શિક્ષકત્વ રક્તકણોમાં વણાઈ ચૂક્યું છે. અઢળક વિદ્યાર્થીઓ, હજારો શિક્ષકો, અસંખ્ય વાલીગણ સાથે હરહંમેશ ઓતપ્રોત થઈ સવાયા શિક્ષક સાબિત થયા છે. પ્ર. ત્રિવેદી સાહેબે કહ્યું છે એમ 'જે આદર્શોનો આરાધક હોય તેને જ શિક્ષક થવાનો અધિકાર છે.' આ વિધાનને સાર્થક કરવાની સતત મથામણ વિપુલભાઈ આદરી રહ્યા છે.

'શિક્ષક એકવચન, વિદ્યાર્થી દ્વિવચન અને સમાજ બહુવચન.' એક વચન જો શુદ્ધ હોય તો દ્વિવચન પવિત્ર થાય. એકવચનની શુદ્ધતા અને દ્વિવચનની પવિત્રતા બેય ભેગાં થાય તો આખું ગામ, રાજય, રાષ્ટ્ર અને વિશ્વ - બહુવચન સફળ થાય...' પૂ. મોરારિ બાપુના શબ્દ કથનને મિસાલ બનાવી વિપુલભાઈ કર્મક્ષેત્રે ઝઝુમી રહ્યા છે !!!

વિપુલભાઈની વિમલવૃત્તિ અને સહજ પ્રવૃત્તિના

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- વિશ્વ હિપેટાઇટિસ દિવસ
- જમશેદજી તાતા ની પુણ્યતિથી, અગ્રણી ભારતીય ઉદ્યોગપતિ અને ઉદ્યોગ સમૂહ ટાટા જૂથના સંસ્થાપક.
- વિજય તેંડુલકર ની પુણ્યતિથી, અગ્રણી ભારતીય નાટ્યકાર, ફિલ્મ અને ટેલિવિઝન લેખક, સાહિત્યિક નિબંધકાર, રાજકીય પત્રકાર અને સામાજિક ટિપ્પણીકાર.
- દિવાળીબેન ભીલ ની પુણ્ય તિથિ, ગુજરાતી ભજન અને લોકગીતના જાણીતા લોકગાયિકા

### આજનું ઔષધ

- ફેફસામાં પડેલા ચાંદામાં ખજુર ઉપયોગી સહાયક ઔષધ છે.

### ખડખડાટ

- આજે મે સૌથી મોંઘુ ગીત સાંભળ્યું... બોલીવુડનું (નીંબુડા.. નીંબુડા.. નીંબુડા..)

### આજનો વોટ્સએપ

- સમય ને સમજવો એ સમજદારી છે પરંતુ સમય પર સમજવું એ જવાબદારી છે.

# તમને ક્યાંય લગનનું આમંત્રણ મળ્યું છે?

''આ લગનોએ તો બધાંની પથારી ફેરવી નાખી છે. શું કહેવું છે તમારું?'' હું મારી ધૂનમાં ચાલતો હતો ત્યાં અચાનક મારા પાડોશી મહેતાસાહેબ મારી સાથે ચાલવા માંડ્યા અને ચાલતાં-ચાલતાં બોલવા માંડ્યા. હું આવા આક્રમણ માટે તૈયાર નહોતો!

હું સ્વીકારું છું કે હું બહુ બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતો નથી પણ કોઈ સાવ આમ મોં-માથાં વગરની વાત ચાલુ કરી દે અને તો ય તરત એની ચાલુ ગાડીમાં ચડી શકે એવા હાજરજવાબી લોકો ય મળવા અઘરા જ હોય છે! મેં એ આક્રમણને ખાળવાનો પ્રયાસ કર્યો, ''સાચી વાત છે. પણ એટલે તમે શું કહેવા માંગો છો?'' પણ એમાં તો સામેથી બૂમરેંગ આવ્યું, ''શું એટલે વળી, લગન બાબતે. કેમ, તમને નથી ખબર પડતી લગનમાં?'' હું થોથવાઈ ગયો, ''હા, હા, એટલે.... પડે જ છે ને વળી! આ જુઓ ને, કેટલી બધી મોંઘવારી છે, બધી ચીજ-વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે, એમાં ય સામાન્ય માણસને તો આ બધા ખર્ચા પોસાય જ નહીં...''

મારા જવાબથી એમને ખાસ સંતોષ થયો હોય એવું લાગ્યું નહીં. થોડું મોઢું કટાણું કરીને એ બોલ્યા, ''તમને ક્યાંય લગનનું આમંત્રણ મળ્યું છે?'' મેં કહ્યું, ''હા, હા, બે લગ્નમાં તો મેં હાજરી આપી અને ત્રીજામાં પરમ દિવસે જવાનો છું.'' એ સપાટ ચહેરે બોલ્યા, ''હા ભ'ઈ, આજ-કાલ દેખાડા તો લોકો એવા કરે છે ને કે ગામના કૂતરાને ય આમંત્રણ આપે!'' હું ઘા ખાઈ ગયો! મહેતાસાહેબે શું જોઈને આ સરખામણી કરી હશે એ વિચારમાં હું હજી અટવાતો હતો પણ એમની વાકધારા અવિરતપણે વહી રહી હતી, ''અને પાછું લોકો ય ભાળ્યું ના હોય એમ ભોજન ઉપર તૂટી પડે! અલ્યા ભ'ઈ, ભોજન એનું છે પણ પેટ તો તારું છે ને! દરેક ડીશની અંદર નીચે જેમ પેપર-નેપકિન મૂકે છે એમ પાચનની ગોળીઓ ના મૂકવી જોઈએ? શું કહો છો, પંડયાજી?''

ઓહ, તો મહેતાસાહેબ લોકોના સ્વાસ્થ્ય વિષે ચિંતિત હતા! મેં કહ્યું, ''બહુ સાચી વાત છે. લોકો પોતાના આરોગ્ય વિષે સાવ બેદરકાર થઈ ગયા છે.'' મહેતાસાહેબ બોલ્યા, ''બેદરકાર એટલે કેવા બેદરકાર! રિસેપ્શનમાં ગયા હોય અને હજી નવદંપતિ સ્ટેજ પર ના આયું હોય ને તો ય ઝાપટવાનું ચાલુ કરી દે!'' હું ખડખડાટ હસી પડ્યો, ''સાચું, સાચું. તો આ જ બાબતની વાત કરી રહ્યા હતા ને તમે!'' મહેતાસાહેબ મંદ-મંદ મુસ્કુરાયા, ''ના, ના, તમે, ભાઈસાહેબ, આમાં એક મહત્વની વાત તો ભૂલી રહ્યા છો!''

હું બૅકફૂટ પર આવી ગયો. રોજિંદી વસ્તુઓ, આર્થિક ભીંસ, સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ- આ બધાથી પણ વધુ મહત્વની કઈ ચીજ હશે જે મારી જાણ બહાર સમાજમાં ફરી રહી છે એ વિચારે મને મારા અજ્ઞાન માટે શરમ ઊપજી આવી. મેં મારા અજ્ઞાનને હાસ્યના ઓથા હેઠળ છુપાવવાનો પ્રયત્ન કર્યો, ''ઓહપ અચ્છા, અચ્છા, તો તમે આ મોડી રાત સુધી ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ છે એની વાત કરો છો! સરકાર અને પોલીસે સમજવું જોઈએ કે ફટાકડાથી ઘણાં લોકોને રોજી-રોટી મળી રહે છે, આનંદનું વાતાવરણ સર્જાય છે અને મચ્છરો મરી જાય છે. એની પર પાબંદી ન મૂકવાની હોય.''




મારા કથનના પ્રતિભાવરૂપે મહેતાસાહેબના ચહેરા ઉપર અકળામણ છવાઈ ગઈ. ''તમે સમજતા નથી, સાહેબ. હું લગન થાય ને, એની વાત કરું છું.'' હું સાવ બઘવાઈ ગયો. ''કોનાં લગન? મને ખ્યાલ છે ત્યાં સુધી સવિતાભાભી આમ તો સ્વસ્થ છે, બરાબર ને?'' હવે મહેતાસાહેબ સ્પષ્ટપણે ગુસ્સે થયા, ''તમે પણ કમાલ કરો છો પંડયાજી. સવિતા આમ જ નહીં, તેમ પણ સ્વસ્થ જ છે. અને આ ઉંમરે મને બીજા લગનના વિચારો આવે?''

મેં છોભીલું સ્મિત કરતાં કહ્યું, ''તો તમે કોની વાત કરો છો?'' જવાબમાં મહેતાસાહેબે મારા જેવા નાદાન ઉપર ઉપકાર કરતા હોય એમ સમજાવ્યું, ''અરે ભ'ઈ, આ તો લગનની સીઝન છે એટલે જેને ત્યાં લગન હોય એની અને જેને આમંત્રણ મળ્યું હોય કે ન મળ્યું હોય એની વાત કરું છું.''

હવે મારા જીવમાં જીવ આવ્યો. તો વાત આમ હતી! એકવાર વિષય પકડાઈ જાય પછી તો વાત આગળ ચલાવી શકું એટલી મારામાં આવડત ખરી! મેં કહ્યું, ''હા, જુઓ ને... જેને ત્યાં લગ્ન લીધાં હોય એ બિચારાને પહેલેથી હજાર ચિંતા તો હોય જ, એમાં આ કોરોના હજી સાવ ગયો નથી એટલે અને મોંઘવારીને લીધે કોને બોલાવવા ને કોને નહીં, એ વળી પાછી નવી ચિંતા!''

હવે મહેતાસાહેબ ''ફોર્મ''માં આવ્યા. ''એ જ ને! લગન લીધાં હોય એ તો એ જ ચિંતામાથી ઊંચો ના આવે કે ફલાણાને આમંત્રણ મોકલું કે નહીં, ઢીકણાને ખોટું તો નહીં લાગે ને! પાછું સામે પક્ષે પેલાનો જીવ ઊંચો રહે કે આમંત્રણ આવે તો જવું કે નહીં, જઈએ તો ય બીતાં-બીતાં જવાનું! ક્યાંક ફરી કોરોનાના ચક્કરમાં પડી જઈએ તો! અને ના જઈએ તો ય ખોટું લાગે કે આટલાં ઓછા જણાંને બોલાવવાનાં હતા એમાં ય તમને બોલાવ્યા અને તો ય તમે ના આવ્યા!''

મેં ટાપસી પૂરી, ''હા, અને આપણને આટલા મહત્ત્વના ગણ્યા હોય પછી ચાંલ્લો પણ એ પ્રમાણે કરવો પડે ને!'' મહેતાસાહેબ બોલ્યા, ''હાસ્તો, વળી! એમાં ય જો જવાનું હોય તો ચાંલ્લો વસૂલ પણ થાય પણ ના જવાનું હોય તો ય ચાંલ્લો કરવાનો આવે ને તો તો બહુ જીવ બળે! ને હવે તો પાછું કઈ કેટલીય રીતો શોધાઈ ગઈ છે ચાંલ્લો કરવાની! ઓનલાઈન ને એવું બધું! સાલું તમે છટકી જ ના શકો!''

મેં પૂછ્યું, ''તે મહેતાસાહેબ, તમારે કોના લગ્નનું ધર્મસંકટ આવી

અનુસંધાન પાના નં. ૭ પર

# અથાણાંની ઉપયોગીતા

ઉનાળો આવતા જ અથાણાંની સિઝન ખુલે. કાચી કેરી, ગુંદા, કેરડા, ડાળા, ગરમર આદિ વિવિધ પ્રકારના અથાણાંઓ ઘરમાં ભરવાના શરૂ થાય અને આખું વર્ષ ખવાય. આ અથાણાંઓના શરીર પરના લાભાલાભ અને આપણાં સ્વાસ્થ્ય પર અસરો વિષે વાત કરીએ. અથાણાંમાં વપરાતા ગુંદાથી લગભગ હરકોઈ પરિચીત હશે. ગુંદા ચીકણાં અને સ્વાદે મધુર હોય છે, આથી પિત્તને ઘટાડનારા છે. રક્તપિત એટલેકે શરીરના કોઇ ભાગેથી લોહી પડતું હોય તો ઘી માં વઘારેલું ગુંદાનું શાક રાહત આપે છે. ગુંદાના રસથી સ્વરપેટીનો સોજો ઓછો થાય છે. ગુંદાનું વધુ પડતું પ્રમાણ પચવામાં ભારે છે અને પેટનાં રોગોને નોતરે છે.

કાચી કેરી પણ આપણે ત્યાં ખૂબ ચલણમાં છે. કાચી કેરી ભૂખ લગાડનાર અને શાતા આપનાર છે. કાચી કેરીનો બાફલો પીવાથી લૂ લાગતી નથી. કાચી કેરીની સાથે જીરૂ, સિંધાલૂણ અને ગોળ લેવો વધુ હિતકર છે. વધું માત્રામાં કાચી કેરી પિત્ત વધારનાર અને લોહીવિકાર કરનાર છે.

આપણે ત્યાં કેરડાનું અથાણું પણ બને છે. કેરડા મુખત્વે ગરમ પ્રકૃતિના અને શરીરનો મેદ ઘટાડનારા છે. કેરડા કમરનો દુખાવો દૂર કરે છે. આપણાં ગામડામાં સુવાવડી બહેનોનો કમરનો દુખાવો દૂર કરવા કેરડાના અથાણાં ખાવાનું ચલણ છે. કેરડા કફ અને મેદનો નાશ કરનાર છે. પાતળા થવાની ઉત્તમ ઔષધિ તરીકે કેરડાનું નામ સુચવી શકાય.




અથાણાંમાં ગુંદા, કેરી કે કેરડા જેટલું જ મહત્વ તેમા વપરાતા રાઈ, મેથીનાં કુરીયા, તેલ, મીઠું, મસાલા, અને લીંબુનું (ખટાશ) છે. રાઈ અને મેથી સ્વભાવે ગરમ છે. પિત્ત વધારનારા છે. એમાય રાઈ તો ખૂબ પિત્ત વધારે. સપ્રમાણ લેવાથી રાઈ ભૂખ લગાડનાર અને પાચક છે. રાઈમાં ઉડ્ડનશીલ તેલ હોય છે, જે ભૂખ લગાડવા માટે એરોમા થેરાપીનું કામ કરે છે (લસણ-કાંદાનું પણ આવું જ છે). તેલ બળપ્રદાન કરે છે. શરીરને શક્તિ આપે છે અને વાયુને દૂર કરે છે.

આપણે અથાણાના ગુણો વિષે વાત કરી. હવે તેના અવગુણો પર પણ નજર કરીએ.

અથાણાંમાં મીઠાનો (સોલ્ટનો) ખૂબ ઉપયોગ થાય છે. આથી બ્લડપ્રેશર અને સોડીયમ વધી જતું હોય તેવા લોકોએ ચેતવું. અથાણામાં ખટાશ પણ ભરપૂર હોય છે, આથી સાંધાના દુખાવા તેમજ વા ના દર્દિઓએ સાવચેત રહેવું. અથાણામાં પડતા રાઈના કુરીયા ખૂબ પિત્ત વધારે છે, આથી પિત્ત પ્રકૃતિ વાળા લોકોએ બહુ સાવચેત રહેવું. રાઈ, મસાલા, તેલ અને ખટાશનું કોમ્બીનેશન ચામડીના રોગો અને લોહીવિકારને નોતરે છે આથી સભાનતા રાખવી.

આ સંદર્ભે આયુર્વેદનું આ વાક્ય બ્રહ્મવાક્ય ગણી શકાય ''આપણા શરીરની પ્રકૃતિને અનુકૂળ આવે તેવું અને માત્રાપૂર્વકનું ખાવું''. અતિમાત્રાથી અનેક તકલીફો ઉભી થાય છે. અમે એવા ઘણા દર્દીઓ જોયા છે કે જે સવાર-બપોર-સાંજ શાક જેટલી માત્રામાં અથાણાં લે અને વરસો વરસ આવું જ ચાલે, અંતે બાર-પંદર-વીસ વરસ પછી આખા જકડાઈ જાય અને એક ડગલુંય ના માંડી શકે એવા થઈ જાય. શરીર પ્રત્યે સમજદારી કેળવી અથાણાં માણવાં. જો સવારે ઉઠતા સહેજ સાંધા દુખે, શરીર ભારે લાગે, ચામડી પર ફોલ્લી-દાણા નીકળે, તો અથાણાંનો ડોઝ ઘટાડવો. આમ, પ્રમાણભાન રાખવું. સપ્રમાણ અથાણાંથી જમવાનો આનંદ પણ આવશે અને તેના બધા જ સ્વાસ્થ્યપ્રદ લાભ પણ થશે.

(સ) ૯૮૭૯૪૭૧૧૪૭

# નિષ્ફળતા એટલે હાર માનીને બેસી રહેવું

તમને ખબર છે બધી જ સફળ વ્યક્તિઓમાં કોમન ફેક્ટર શું હોય છે? તમે કહેશો મહેનત, આવડત, ધીરજ વગેરે...વગેરે... હું કહીશ એ તો ઘણી બધી વ્યક્તિઓમાં જોવા મળે છે એટલે એ દરેક વ્યક્તિને તમે સફળ કહેશો?

તમે એક મજૂરને જ જોઈ લો, એ તનતોડ મહેનત નથી કરતો? કોઈપણ કારીગરને જોઈ લો આવડત વગર એ કામ કરી શકશે? જમીનમાં બીજ રોપે ત્યાંથી લઈને એ બીજ વિકાસ પામીને મોટો છોડ બને અને ઈચ્છિત ફળ આપે ત્યાં સુધી ખેડૂત ધીરજ નથી ધરતો? ટુંકમાં તમે મહેનત કરો, તમારી પાસે આવડત હોય, રાહ જોવાની ધીરજ પણ હોય અને છતાં તમે સફળ નથી થઈ રહ્યા તો...? શું ખૂટે છે? એવું શું છે સફળ માણસો પાસે જે તમારી પાસે નથી?

ચાલો હું મારો તર્ક જણાવી જ દઉં, બધી જ સફળ વ્યક્તિઓમાં જોવા મળતી કોમન વસ્તું છે એમની ભૂલો! હા હું બરોબર જ કહી રહી છું, ભૂલો જ છે તમારો સર્વશ્રેષ્ઠ શિક્ષક અને સફળતાની ચાવી. એક વાર તમે કામ શરૂ કરો એટલે સીધી વાત છે ભૂલ તો થવાની પણ એ ભૂલ થાય છે એમ માનીને નાસીપાસ થઈ બેસી રહેવાથી કંઈ નહિ વળે... એ ભૂલોમાંથી શીખવાનું છે કે આ રીતે આગળ વધવાથી સફળ નહીં થવાય. તમારી એક ભૂલ તમારી આગળ રહેલા સેંકડો રસ્તામાંથી એક રસ્તા વિશે તમને સભાન બનાવે છે, એ તમને જણાવે છે કે ત્યાં જવાથી કેટલું જોખમ લેવું પડશે, કેટલો ફાયદો થશે અને ફરી એ રસ્તે જવું કે નહીં એ નિર્ણય લેવામાં પણ એ ભૂલ તમારી મદદ કરે છે.

ચાલો એક મસ્ત ઉદાહરણ આપી મારી વાત સાબિત કરું, ભૂલ કરું તો કહેજો પાછા.

મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડીશન વિશે તમે ક્યારેક વાંચ્યું જ હશે, એમણે વીજળીના ગોળાની, આજના આધુનિક બલ્બની શોધ કરેલી. આખી દુનિયા એમનું નામ જાણે છે અને એક મહાન વૈજ્ઞાનિક તરીકે આપણે આજે પણ એમને યાદ કરીએ છીએ. એમની જ મહેનતનું પરિણામ છે કે આજે રાત થતાં જ આપણે એક સ્વીચ પાડીને ઘરમાં અજવાળું લાવી શકીએ છીએ, રોશની કરી શકીએ છીએ.

હવે તમે જરાક વિચાર કરો... થોમસ ભાઈને શું રાત્રે સપનું આવેલું કે તમે આમ સર્કિટ જોડી નાંખો, આવી રીતે બધું ગોઠવી લો અને પછી સવારમાં ઊઠીને એમણે વીજળીના ગોળાનો આવિષ્કાર કરી દીધેલો? ના..!




શું એ કોઈ બીજો જ પ્રયોગ કરતા હતા અને અચાનક એમના કામમાં કોઈ લોચો પડ્યો ને એમણે એ જે નવીન ખોજ કરી રહ્યા હતા તે છોડીને વીજળીના ગોળા પર કામ ચાલુ કરી નાખ્યું હશે કે પછી અચાનક જ એમના દિમાગની બત્તી જલી ગઈ હશે, એમાં એક તુક્કો આવી ગયો હશે અને એમણે સાચે સાચ આપણા ઘરની બત્તી જલાવી? ના..!

હકીકતે એમણે નક્કી કર્યું હતું કે એમને આ દુનિયાને રાત્રિને સમયે પણ અજવાળું પૂરું પાડવું છે અને એ માટે એ દિવસ રાત મહેનત કરતા હતા. અસંખ્ય પ્રયોગો કરતા હતા. વારંવારની નિષ્ફળતા મળવા છતાં એ પ્રયોગ કરે જ જતા હતા. એકવાર તો એમનાં એક હિતેચ્છુ સંબંધીએ એમને ટોક્યા પણ ખરા કે,

''તું સફળ નથી થઈ રહ્યો! આટલી બધી વખત પ્રયત્ન કરવા છતાં તને નિષ્ફળતા જ મળી છે તો હવે તું આ પ્રયોગ છોડી દે. ઈલેક્ટ્રિક બલ્બને બદલે તું બીજું કશુંક નવું બનાવવાનો વિચાર કર.' અને ત્યારે થોમસે જવાબ આપ્યો,

''મને ખબર છે મેં ઘણા બધા નિષ્ફળ પ્રયત્નો કર્યા છે, એ પ્રયત્નોથી વીજળીનો ગોળો ભલે ના સળગ્યો પણ મને ખબર પડી ગઈ કે એવું કરવાથી કોઈ દિવસ વીજળીનો ગોળો ચાલું નહીં જ થાય. મેં જેટલી શક્યતાઓ વિચારી હતી એમાંની ઘણી બધી રીતે વીજળીનો ગોળો ના સળગ્યો હવે બસ થોડીક જ શક્યતાઓ બાકી છે અને હું એ બધીને ચકાસવાનો પ્રયત્ન કરી રહ્યો છું!'

એમના એ હિતેચ્છુએ ફરીથી કહ્યું, ''ધાર કે બાકી બચેલી શક્યતાઓ અજમાવી લીધા પછી પણ ગોળો ના સળગ્યો તો? પછી તો તું આ પ્રયોગ છોડીને કોઈ બીજું નવું કામ ચાલું કરીશ ને?'

''ના. એમ થયું તો પછી હું બીજી નવી શક્યતાઓ વિચારીશ પણ વીજળીનો ગોળો તો બનાવીને જ રહીશ.'

આ વાર્તાલાપનાં થોડોક વખત બાદ જ એમને સફળતા મળી હતી. આખી દુનિયાએ એમની શોધને વધાવી લીધેલી અને એના પરિણામે જ આજે સૂરજ ડૂબ્યાં પછી પણ આ દુનિયા ઝગમગી ઊઠે છે. હવે તમે

અનુસંધાન પાના નં. ૭ પર